**ગામના નમુના નં.૭ ના નવા**
**નમુના સાથે ખેતરના નકશા**
**છાપી અમલમાં લાવવા બાબત**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક:એલઆરસી/૧૦૨૦૧૨/૧૫/લ.૧
સચિવાલય , ગાંધીનગર
તા.૨૨/૦૨/૨૦૧૨

વંચાણમાં લીધા:

૧: સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રીના પત્ર નં એ.સી./૫૧૯/રાકમ/૧ તા. ૨૪-૧૧-૨૦૧૧

પરિપત્ર:-

રાજ્યમાં હાલ ચાલુ રી સરવે કામગીરી હેઠળ ખેતીની જમીનોની આધુનિક માપણીના સાધનોથી સરવે ( મોજણી) કરી અધ્યતન અને ડીજીટલ જમીન રેકર્ડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ કામગીરી પ્રથમવાર જામનગર જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ થી શરુ કરી તબક્કાવાર સને ૨૦૧૫ સુધીમાં પુર્ણ કરવા આયોજન છે.

૨. આ કામગીરી અન્વયે દરેક સરવે નંબરની માપણી પછી સંબંધિત ખાતેદાર દ્વારા તેની ખરાઇ પછી નવું જમીન રેકર્ડ તૈયાર કરવામાં આવે છે, જેને ગુજરાત જમીન મહેસુલ નિયમોના નિયમ ૧૦૫ મુજબ પ્રમોલગેશન કરી અમલમાં લાવવામાં આવે છે. નવા અદ્યતન જમીન રેકર્ડ અમલમાં આવેથી જો ખેતરના નકશા હકપત્રક સાથે મુકી પ્રજાને આપવામાં આવે તો તેનાથી ખાતેદારને ખેતરના માપ સહિતની ચતુર્દિશા મળશે, જાણે અજાણે દબાણ થવાના કિસ્સા ઘટશે, જમીનના વેચાણ વ્યવહારમાં વધુ પારદર્શિતા આવશે, ભાઇઓ ભાગની વહેંચણી અને પૈકી વેચાણ સહિતના તમામ વ્યવહારો ચોક્કસ ક્ષેત્રફળ આધારી થઇ શકશે , જમીનના ટાઇટલ સર્ટીફીકેટમાં સુચિત નવા હકપત્રકના નમુનાનુ (ગામ નમુના નં ૭ ) નુ મહત્વ વધશે અને સ્થળસ્થિતિ અને રેકર્ડમાં વિસંગતતા ઘટશે.

૩. ગુજરાત રાજ્યમાં અમલી એંડરસન મેન્યુઅલ મુજબ પ્રમોલગેશન સમયે માત્ર ગામ નમુના નં.૭ (હકપત્રકના અગત્યના નમુના) ની વિગતો જ ધ્યાને લેવાની રહે છે, જ્યારે ગામ નમુના નં ૧૨ માં ની વિગતો ધ્યાને લેવાની હોતી નથી. વળી ગામ નમુના નં ૧૨ ની વિગતો મોસમ, ખેડની રીત અને પાક લગત હોઇ સતત બદલાતી રહેતી હોય છે જેના પ્રમોલગેશન અંગે ઉક્ત મેન્યુઅલમાં કોઇ સુચના નથી આથી તેને હાલના ગામના સંયુકત ગામના નમુના ૭/૧૨ થી જુદા નિભાવવા તથા નકશા સાથેના નવા ગામના નમુના નં ૭ અમલમાં લાવવા અંગે સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી , ગાંધીનગરે ઉકત સંદર્ભ (૧) ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ .

૪. સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે હાલના ગામ નમુના નં ૭/૧૨માં નીચે જણાવેલ વિગતે ફેરફાર કરવા અને નિભાવવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) હાલ ના હકપત્રકના નમુના નંબર ૭ /૧૨ માંથી હકપત્રકની વિગતો માટે જરુરી છે એવા માત્ર ગામ નમુના નંબર ૭ ની વિગતો જ હવે પછી નિભાવવાની રહેશે. જ્યારે ગામ નમુના નં ૧૨ ની વિગતો હાલના ગામ નમુના ૭/૧૨ માંથી જુદી પાડી ઇલાયદી નિભાવવાની રહેશે.

(૨) રીસર્વે રેકર્ડનું પ્રમોલગેશન થયા બાદ ખેતીની જમીનના હકપત્રકના ગામના નવા નમુના નંબર ૭ જે તે જમીનના નકશા સાથે અમલમાં લાવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(કે.ડી.ઉપાધ્યાય)
નાયબ સચિવ
મહેસુલ વિભાગ

પ્રતિ,

- મા. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માં.મુ.મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
- સર્વે નાયબ મંત્રીશ્રીઓ અને રાજય કક્ષાના મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- વિભાગની હ , હ-૨ શાખાઓ
- ખાસ સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, અમદાવાદ
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર
- તપાસણી કમિશ્નરશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણાં શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

ગામ નમુનો નંબર ૭

જિલ્લો:
તાલુકો:
મોજે:
બ્લોક/સર્વે નંબર:
સત્તા પ્રકાર:
જમીનનો ઉપયોગ:
ખેતરનું નામ:
અન્ય વિગતો:
જુનો બ્લોક/સર્વે નંબર

(જે તે ખેતરનો નકશો)

| લાયક જમીન | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર | નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ |
|---|---|---|---|
| | | | |

| ગણોતિયાની વિગતો | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | |

# ગામ નમૂનો નંબર ૧૨

| સરવે નં:<br>કુલ ક્ષેત્રફળ: | ગામ<br>તાલુકો<br>જિલ્લો |
|---|---|

ખાતેદારોના નામ :

પાકની વિગતો :

| વર્ષ | મોસમ | પાકનુ નામ | પાકનો વિસ્તાર હે.આરે.ચોમી. | સિંચાઇનો સ્ત્રોત અને સિંચાઇનુ સાધન | વૃક્ષો પોતાના અને સરકારી | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |